# 4 પુરવઠો (Supply)


- પ્રસ્તાવના

4.1 પુરવઠા અને જથ્થાનો અર્થ

4.1.1 ઉત્પાદન

4.1.2 પુરવઠો

4.1.3 જથ્થો

4.2 પુરવઠા અને જથ્થા વચ્ચેનો તફાવત

4.3 પુરવઠાને અસર કરતાં પરિબળો

4.3.1 વસ્તુની કિંમત

4.3.2 વસ્તુની કિંમત સિવાયનાં પરિબળો (અન્ય પરિબળો)

4.3.2.1 ઉત્પાદનનાં સાધનોની કિંમત

4.3.2.2 ટેક્નોલૉજીની કક્ષા

4.3.2.3 ભવિષ્યના ભાવોની અટકળો

4.3.2.4 અન્ય પરિબળો

4.4 વ્યક્તિગત પુરવઠો અને બજાર-પુરવઠો

4.5 પુરવઠા વિધેય

4.6 પુરવઠાનો નિયમ

4.6.1 પુરવઠાના નિયમની ધારણાઓ

4.6.2 પુરવઠાની અનુસૂચિ, આકૃતિ અને સમજૂતી

4.7 કિંમત અને પુરવઠા વચ્ચેના સંબંધની સમજૂતી

4.8 પુરવઠામાં પરિવર્તન

4.8.1 પુરવઠામાં વિસ્તરણ-સંકોચન

4.8.2 પુરવઠામાં વધારો-ઘટાડો

4.9 પુરવઠાના નિયમના અપવાદો

4.9.1 અલભ્ય વસ્તુઓ

4.9.2 નાશવંત વસ્તુઓ

4.10 બજારમાં વસ્તુની કિંમતનું નિર્ધારણ


**પ્રસ્તાવના (Introduction)**

બજાર આધારિત અર્થતંત્રમાં માંગ પુરવઠાનાં પરિબળો વસ્તુની કિંમતનું નિર્ધારણ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. માટે માંગને સમજવા સાથે પુરવઠાને સમજવો જરૂરી છે.

બજારમાં વિવિધ ચીજવસ્તુઓની માંગ થતી હોવાથી આ ચીજવસ્તુઓનો પુરવઠો પણ બજારમાં આવવો જરૂરી છે. વસ્તુઓની માંગમાં જેમ ફેરફાર થતા રહે છે તેમ વસ્તુઓના પુરવઠામાં પણ ફેરફાર થતા રહે છે. જે રીતે જુદી-જુદી કિંમતે વસ્તુઓની માંગ જુદી-જુદી હોય છે તેવી જ રીતે જુદી-જુદી કિંમતે વસ્તુઓનો પુરવઠો પણ જુદો-જુદો હોય છે.

## 4.1 પુરવઠા અને જથ્થાનો અર્થ (Meaning of Supply and Stock)

સામાન્ય રીતે ઉત્પાદન, પુરવઠા અને જથ્થા વચ્ચે આપણે કોઈ ભેદ જોતા નથી પણ અર્થશાસ્ત્રીઓ ઉત્પાદન, જથ્થા અને પુરવઠા વચ્ચે ચોક્કસ ભેદ પાડે છે.

**4.1.1 ઉત્પાદન :** ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુઓ ઉત્પન્ન થાય તે ઉત્પાદન છે. ઉત્પાદન એ ઉત્પન્ન થયેલી વસ્તુઓનું પ્રમાણ દર્શાવે છે.

**4.1.2 પુરવઠો :** ચોક્કસ સમયે અને કિંમતે ઉત્પાદક ઉત્પાદનનો જે ભાગ વેચવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી દર્શાવે તેને પુરવઠો કહે છે.

**4.1.3 જથ્થો :** જથ્થો એટલે વસ્તુના કુલ વેચાણક્ષમ એકમોનું પ્રમાણ.

પ્રથમ આપણે પુરવઠાના અર્થને વિસ્તૃત રીતે સમજીએ. પુરવઠાના અર્થને સમજવા માટે કેટલાક મુદ્દા સમજવા જરૂરી બને છે.

**(A) વેચવાની તૈયારી :** કોઈ ઉત્પાદક કે વેપારી પાસે વસ્તુનો જથ્થો હોય તો તે પુરવઠો કહેવાતો નથી. દા.ત., રાજકોટની ઑઇલ મિલના વેપારી પાસે તેલના 500 ડબા હોય પણ હજુ તેલના ભાવ વધશે તે અપેક્ષાએ એક પણ ડબો વેચવા તૈયાર ન હોય તો ડબાનો પુરવઠો શૂન્ય ગણાય. પરંતુ જો વેપારી 500 ડબામાંથી 300 ડબા વર્તમાન ભાવે વેચવા તૈયાર હોય, તો 300 તેલના ડબાનો પુરવઠો ગણાય.

**(B) વેચવાની શક્તિ :** વેપારી જે વસ્તુ વેચવા માંગે છે તે વસ્તુનું પ્રમાણ તેની પાસે હોવું જોઈએ. તેલના વેપારી પાસે તેલના 500 ડબા છે અને તે 1000 ડબા વેચવાનો ઈરાદો ધરાવતો હોય, તો 1000 ડબા તેલનો પુરવઠો ન કહેવાય તેની પાસે 500 ડબા છે, એટલે તે 500 ડબા વેચવાની શક્તિ ધરાવે છે. તેથી 500 ડબા તેલનો પુરવઠો કહેવાય.

**(C) વેચવાની ઇચ્છા :** વસ્તુ વેચવાની શક્તિ અને તૈયારી હોવા સાથે ઉત્પાદક (વેચનાર)ની વસ્તુ વેચવાની ઇચ્છા પણ હોવી જોઈએ.

ઉપર્યુક્ત બાબતના આધારે આપણે કહી શકીએ કે, 'જુદી જુદી કિંમતોએ ચોક્કસ સમયગાળા દરમિયાન ઉત્પાદકો ઉત્પાદનનો જે ભાગ વેચવા માટે તૈયાર હોય તેને પુરવઠો કહેવાય.'

## 4.2 પુરવઠા અને જથ્થા વચ્ચેનો તફાવત (Difference between Supply and Stock)

સામાન્ય રીતે જથ્થા અને પુરવઠાને સમાન માનવામાં આવે છે પણ તે જુદા છે. વર્તમાન કિંમતે વેચવાની તૈયારી હોય તથા વેચવાની તૈયારી ન હોય તેવા વસ્તુના તમામ એકમોનું પ્રમાણ એટલે જથ્થો.

વસ્તુના તમામ એકમો વર્તમાન કિંમતે ઉત્પાદક વેચવા તૈયાર ન હોય તો જથ્થો અને પુરવઠો જુદા પડે છે. દા.ત., ઉત્પાદક પાસે વસ્તુના 500 એકમ છે જેમાંથી પ્રવર્તમાન કિંમતે તે 300 એકમ વેચવા તૈયાર થાય છે. તો પુરવઠો 300 એકમ થયો ગણાય. આમ, ઉત્પાદક (કે વેપારી)ની વસ્તુ વેચવાની શક્તિ એ જથ્થો છે અને પ્રવર્તમાન કિંમતે વેચવાની શક્તિ અને તૈયારી એ પુરવઠો છે.

આમ, જથ્થો એટલે વસ્તુના કુલ વેચાણક્ષમ એકમોનું પ્રમાણ. પુરવઠો જથ્થા કરતાં ઓછો હોઈ શકે છે. જથ્થો અને ઉત્પાદન અલગ-અલગ બાબતો છે. કારણ કે અગાઉના ઉત્પાદનમાંથી ન વેચાયેલા એકમો પણ જથ્થામાં સમાવિષ્ટ થાય છે. વ્યાવહારિક રીતે કહીએ તો વ્યાપારી પાસે દુકાનમાં કે ગોડાઉનમાં વસ્તુના વેચાણક્ષમ એકમોનું પ્રમાણ એટલે જથ્થો અને તેમાંથી પ્રવર્તમાન કિંમતે વેચવાની તૈયારી અને ઇચ્છા એટલે પુરવઠો.

## 4.3 પુરવઠાને અસર કરતાં પરિબળો (Factors Affecting Supply/Determinants of Supply)

પુરવઠાને અસર કરતાં પરિબળોને મુખ્ય બે વિભાગમાં વહેંચવામાં આવે છે : (1) વસ્તુની કિંમત અને (2) વસ્તુની કિંમત સિવાયનાં પરિબળો, ચીજ-વસ્તુઓનો પુરવઠો નીચે આપેલાં પરિબળો દ્વારા પ્રભાવિત થાય છે :

**4.3.1 વસ્તુની કિંમત :** કિંમત એ પુરવઠાને અસર કરતું મહત્ત્વનું નિર્ણાયક પરિબળ છે. મહત્તમ નફા માટે કામ કરતો ઉત્પાદક વસ્તુની કિંમત વધે તો વસ્તુનો વધુ પુરવઠો વેચવા તૈયાર થાય છે અને જો કિંમત ઘટે તો ઉત્પાદક ઓછો પુરવઠો વેચવા તૈયાર થાય છે. આમ, કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે.

### 4.3.2 વસ્તુની કિંમત સિવાયનાં પરિબળો (અન્ય પરિબળો) :

**4.3.2.1 ઉત્પાદનનાં સાધનોની કિંમત :** ઉત્પાદન-ખર્ચમાં થતો ફેરફાર પુરવઠાને અસર કરે છે. દા.ત., જમીનના માલિકને ચૂકવાતું ભાડું, શ્રમિકને ચુકવાતા વેતનમાં ઘટાડો થાય કે અન્ય પરિબળોને કારણે ઉત્પાદન-ખર્ચ ઘટે તો વસ્તુના પુરવઠામાં વધારો થાય છે. ઉત્પાદન-ખર્ચ ઘટવાથી નફાની શક્યતા વધે છે તેથી ઉત્પાદકોને વધુ વસ્તુઓ વેચવાનું પ્રોત્સાહન મળે છે, તેથી પુરવઠો વધે છે. આનાથી વિરુદ્ધ જો ઉત્પાદન-ખર્ચ વધે તો નફો ઘટે છે તેથી વસ્તુનો પુરવઠો પણ ઘટે છે. આમ ઉત્પાદનનાં સાધનોની કિંમત વસ્તુના પુરવઠાને અસર કરે છે.

**4.3.2.2 ટેક્નોલૉજીની કક્ષા :** ટેક્નોલૉજીના વિકાસને કારણે સમય, શક્તિની બચત થાય છે અને ગુણવત્તાયુક્ત ચીજવસ્તુઓનું ઓછા ખર્ચે વધુ ઉત્પાદન શક્ય બને છે. ઉત્પાદન-ખર્ચ ઓછું થતાં ઉત્પાદકને નફાની શક્યતા વધે છે. તેથી ઉત્પાદક વધુ પુરવઠો બજારમાં મૂકે છે. આમ, ટેક્નોલૉજી પુરવઠાને અસર કરે છે. કોઈ પણ દેશમાં આધુનિક ટેક્નોલૉજીનો ઉપયોગ થતો હોય તો ચીજવસ્તુઓનો પુરવઠો વધારે જોવા મળે છે.

**4.3.2.3 ભવિષ્યના ભાવોની અટકળો :** વસ્તુની કિંમત અંગેની અટકળો વસ્તુના પુરવઠાને અસર કરે છે. વસ્તુના ભાવો ભવિષ્યમાં વધશે એવી અટકળ થાય તો વર્તમાનમાં તે વસ્તુનો પુરવઠો ઉત્પાદક બજારમાં ઓછો મૂકશે, તેનાથી વિરુદ્ધ ઉત્પાદકોમાં એવી અટકળ થાય કે ભવિષ્યમાં અમુક વસ્તુના ભાવો ઘટશે તો વર્તમાનમાં તે વસ્તુની ઊંચી કિંમત લેવા માટે ઉત્પાદકો તે વસ્તુનો પુરવઠો બજારમાં વધુ મૂકે છે.

**4.3.2.4 અન્ય પરિબળો :** વસ્તુનું ઉત્પાદન કરતી પેઢીઓની સંખ્યામાં વધારો થતા વસ્તુનો પુરવઠો વધે છે. પેઢીઓની સંખ્યામાં ઘટાડો થતા વસ્તુનો પુરવઠો ઘટે છે. દેશમાં કુદરતી પરિબળો સાનુકૂળ હોય, રાજકીય સ્થિરતા હોય, કાયદો અને વ્યવસ્થા જળવાય તો પુરવઠો વધે છે. રાજકીય સ્થિરતા જોખમાય તો વસ્તુનો પુરવઠો ઘટે છે. દેશમાં ઔદ્યોગિક શાંતિ પ્રવર્તતી હોય, માલિકો અને કામદારો વચ્ચેના સંબંધો સુમેળભર્યા રહે તો વસ્તુનો પુરવઠો વધે છે. આનાથી વિરુદ્ધ પુરવઠો ઘટે છે. વાહનવ્યવહારનો વિકાસ થતાં પુરવઠામાં વધારો થાય છે. આનાથી વિરુદ્ધ પુરવઠામાં ઘટાડો થાય છે.

### 4.4 વ્યક્તિગત પુરવઠો અને બજાર-પુરવઠો (Individual Supply and Market Supply)

અર્થશાસ્ત્રના સિદ્ધાંતોમાં પુરવઠા સંબંધી અભ્યાસમાં બજાર-પુરવઠા (કુલ પુરવઠા)ને ધ્યાનમાં લેવામાં આવે છે. બજારમાં મૂકવામાં આવતો પુરવઠો જુદાં-જુદાં પરિબળોથી અસર પામતો હોય છે તે આપણે જોયું.

વ્યક્તિગત પુરવઠો એટલે કોઈ એક ઉત્પાદક કે પેઢી દ્વારા બજારમાં જે ચીજવસ્તુને જુદી-જુદી કિંમતે વેચવા માટે મૂકવામાં આવે છે તે અને કોઈ ચોક્કસ કિંમતે અનેક ઉત્પાદકો દ્વારા વસ્તુનો જેટલો પુરવઠો બજારમાં મૂકવામાં આવે છે તેને કુલ પુરવઠો કે બજાર-પુરવઠાથી ઓળખવામાં આવે છે.


| કિગ્રા દીઠ કિંમત ₹ | સફરજનનો જુદી-જુદી પેઢીઓનો વ્યક્તિગત પુરવઠો (કિગ્રામાં) | | સફરજનનો બજાર-પુરવઠો (કિગ્રામાં) |
|---|---|---|---|
| - | પેઢી (A) | પેઢી (B) | - |
| 10 | 80 | 60 | 140 |
| 20 | 180 | 100 | 280 |
| 30 | 240 | 180 | 420 |
| 40 | 300 | 260 | 560 |
| 50 | 400 | 300 | 700 |

અનુસૂચિનું અવલોકન કરતા જણાય છે કે, જ્યારે વસ્તુની કિંમત ઊંચી હોય છે ત્યારે પેઢી દ્વારા બજારમાં મૂકવામાં આવતો પુરવઠો વધુ હોય છે. આનાથી વિરુદ્ધ જ્યારે વસ્તુની કિંમત નીચી હોય છે ત્યારે પેઢી દ્વારા બજારમાં મૂકવામાં આવતો પુરવઠો ઓછો હોય છે. આ બાબતને સમજાવતો મહત્ત્વનો નિયમ 'પુરવઠાના નિયમ' તરીકે ઓળખવામાં આવે છે.

**આકૃતિની સમજૂતી :** ઉપર્યુક્ત અનુસૂચિમાં A પેઢી અને B પેઢીનો જુદી-જુદી કિંમતે પુરવઠો રજૂ કરવામાં આવ્યો છે. જ્યારે બજાર પુરવઠો એટલે કે A પેઢી અને B પેઢીના પુરવઠાનો સરવાળો બજાર પુરવઠારેખામાં રજૂ કરવામાં આવ્યો છે. અનુસૂચિ પરથી A પેઢીની પુરવઠારેખા અને B પેઢીની પુરવઠારેખાનું નિર્ધારણ જુદી-જુદી આકૃતિઓ દ્વારા કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અનુસૂચિ મુજબ કુલ પુરવઠારેખા એટલે કે બજાર પુરવઠારેખાનું નિર્ધારણ પણ કરવામાં આવ્યું છે.

આમ, ઉપર્યુક્ત અનુસૂચિ અને આકૃતિઓ પરથી ફલિત થાય છે કે બંને પુરવઠારેખા જેવી કે A પેઢી અને B પેઢી તેમજ

બજાર પુરવઠારેખા ધનઢાળ ધરાવે છે. આ તમામ પુરવઠારેખા જે-તે પેઢીએ બજારમાં વેચાણ અર્થે મૂકેલ પુરવઠાના પ્રમાણ અનુસાર તેમની પુરવઠારેખાના ઢાળમાં ફેરફાર જોવા મળે છે, પણ અહીં એક જ બાબત સર્વસામાન્ય રીતે સ્પષ્ટ થાય છે કે, પુરવઠારેખાનો ઢાળ ધન હોય છે.




**4.1 વ્યક્તિગત અને બજાર પુરવઠાની આકૃતિઓ**

## 4.5 પુરવઠા વિધેય (Supply Function)

પુરવઠા વિધેય એટલે 'કોઈ એક વસ્તુ માટેના પુરવઠા ઉપર અસર કરતાં પરિબળોની ગાણિતીક સ્વરૂપમાં રજૂઆત.'

પુરવઠા વિધેય એ કોઈ એક વસ્તુનો પુરવઠો અને તેને અસર કરતાં વિવિધ પરિબળો વચ્ચેનો સંબંધ દર્શાવે છે. આ રીતે જોતા એમ કહી શકાય કે, કોઈ એક વસ્તુનો પુરવઠો અનેક પરિબળોનું વિધેય છે. ટૂંકમાં પુરવઠાનું વિધેય કોઈ વસ્તુ કે સેવાનો પુરવઠો તેને અસર કરતાં પરિબળો પર કેવી રીતે આધાર રાખે છે તે દર્શાવે છે.

$$S_x = f(P_x, T, P_F, P_e, U)$$

અહીં, $S_x$ = X વસ્તુનો પુરવઠો (Supply of X)

$f$ = વિધેયાત્મક સંજ્ઞા છે. (Functional Notation)

$P_x$ = X વસ્તુની કિંમત (Price of X)

$T$ = ટેક્નોલૉજીની કક્ષા (Level of Technology)

$P_F$ = ઉત્પાદનનાં સાધનોની કિંમત (Factor Prices)

$P_e$ = ભવિષ્યની કિંમતો અંગેની અટકળો (Expectations Regarding Future Prices)

$U$ = અન્ય પરિબળો (Other Factors)

## 4.6 પુરવઠાનો નિયમ (Law of Supply)

માંગની જેમ પુરવઠાને પણ ચોક્કસ કિંમત અને ચોક્કસ સમયગાળા સાથે સંબંધ છે. તેથી 'અન્ય પરિબળો યથાવત રહે તો વસ્તુની કિંમતમાં વધારો થતાં તેના પુરવઠાનું વિસ્તરણ થાય છે અને વસ્તુની કિંમત ઘટતાં પુરવઠાનું સંકોચન થાય છે. આમ વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે ધન (સીધો) સંબંધ છે.' જેને અર્થશાસ્ત્રમાં પુરવઠાના નિયમ તરીકે ઓળખવામાં આવે છે. પુરવઠાના નિયમને સમજતા પહેલાં પુરવઠાના નિયમની ધારણાઓ સમજવી જરૂરી છે.

**4.6.1 પુરવઠાના નિયમની ધારણાઓ :** કિંમત અને પુરવઠા વચ્ચેનો સંબંધ કેટલીક ધારણાઓ પર રચવામાં આવ્યો છે. પુરવઠાને અસર કરતાં વિવિધ પરિબળો પૈકી કિંમત સિવાયનાં પરિબળોને સ્થિર ધારવામાં આવે છે. માત્ર વસ્તુની કિંમત અને તેના પુરવઠા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો પુરવઠાનો નિયમ તારવી શકાય. આનો અર્થ એવો ન થાય કે કિંમતની સરખામણીમાં અન્ય પરિબળોની પુરવઠા પરની અસર ઓછી હોય છે. વાસ્તવમાં અન્ય પરિબળો પૈકીનું કોઈ પણ એક પરિબળ કિંમત કરતા પુરવઠા પર વધુ પ્રભાવ પાડતું હોય એમ પણ બની શકે. પુરવઠાના નિયમની ધારણા નીચે મુજબ છે :

(1) ઉત્પાદનનાં સાધનોની કિંમતમાં વધ-ઘટ થતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો ઉત્પાદનનાં સાધનોની કિંમત સ્થિર રહે છે.

(2) ઉત્પાદન-પદ્ધતિમાં ફેરફાર થતો નથી એટલે કે ટેક્નોલૉજીની કક્ષા સ્થિર રહે છે.

(3) અન્ય વસ્તુના ભાવો પણ સ્થિર રહે છે એટલે કે તેમાં પણ કોઈ ફેરફાર થતો નથી.


(4) બજારમાં ભવિષ્યની કિંમત અંગેની અટકળો સ્થિર હોય છે.

(5) અન્ય પરિબળો જેવા કે સરકારની નીતિ, વાહનવ્યવહારની સગવડ, કુદરતી પરિબળો, પેઢીઓની સંખ્યા વગેરે સ્થિર રહે છે.

**4.6.2 પુરવઠાની અનુસૂચિ, આકૃતિ અને સમજૂતી :** કોઈ એક ઉત્પાદક કે વેપારી કોઈ એક સમયે વસ્તુની જુદી-જુદી કિંમતે વસ્તુનો કેટલો જથ્થો વેચવાની તૈયારી દર્શાવે છે તે દર્શાવતી યાદીને પુરવઠાની અનુસૂચિ કહેવામાં આવે છે. એક કાલ્પનિક

અનુસૂચિ દ્વારા આ બાબતને સરળતાથી સમજી શકાય. ધારો કે કોઈ ઉત્પાદક કે વેપારી કોઈ એક માસ દરમિયાન સફરજનની જુદી-જુદી કિંમતે વેચાણ કરવાની તૈયારી ધરાવે છે, તે કાલ્પનિક અનુસૂચિમાં દર્શાવ્યું છે.

| સફરજનની (કિગ્રાદીઠ) કિંમત ₹માં | સફરજનનો પુરવઠો (કિગ્રામાં) |
|---|---|
| 50 | 200 |
| 60 | 400 |
| 70 | 600 |
| 80 | 800 |
| 90 | 1000 |



**4.2 પુરવઠાના નિયમની આકૃતિ**

આકૃતિમાં X ધરી પર સફરજનનો પુરવઠો કિગ્રામાં અને Y ધરી પર સફરજનની કિંમત ₹માં દર્શાવી છે. અનુસૂચિ પ્રમાણે આલેખ દોરતાં a, b, c, d, e બિંદુઓ પ્રાપ્ત થાય છે. આ પ્રત્યેક બિંદુઓ જુદી-જુદી કિંમતે બજારમાં સફરજનનો પુરવઠો દર્શાવે છે. આમ, આ બિંદુઓ જોડતી રેખા SS એ પુરવઠારેખા છે.

આકૃતિમાં a બિંદુ દર્શાવે છે કે ₹ 50ની કિંમતે સફરજનનો પુરવઠો 200 કિગ્રા હતો. કિંમત વધીને ₹60 થાય તેથી b બિંદુ મુજબ પુરવઠો વધીને 400 કિગ્રા થાય તેવી જ રીતે c બિંદુ દર્શાવે છે કે, સફરજનની કિંમત વધીને ₹ 70 થાય ત્યારે તેનો પુરવઠો વધીને 600 કિગ્રા થાય. SS રેખા એ પુરવઠારેખા ડાબી બાજુથી જમણી બાજુ ઉપર તરફ ગતિ કરે છે. એટલે કે પુરવઠારેખાનો ઢાળ ધન છે. ધનઢાળ કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ દર્શાવે છે.

### 4.7 કિંમત અને પુરવઠા વચ્ચેના સંબંધની સમજૂતી (Relationship between Price and Supply)

કિંમત અને પુરવઠા વચ્ચે ધન સંબંધ હોવાનાં બે કારણો છે :

(1) ઉત્પાદકનો આશય મહત્તમ નફો મેળવવાનો હોય છે. જ્યારે કિંમત વધે છે ત્યારે તે વસ્તુનો પુરવઠો વધારવા પ્રેરાય છે, કારણ કે પુરવઠો વધારીને વધુ નફો કમાઈ લેવા પ્રયત્નશીલ હોય છે.


(2) વસ્તુની કિંમત વધવાને કારણે નફાની શક્યતા વધે છે. પરિણામે બજારમાં નવા ઉત્પાદકો પ્રવેશતા વસ્તુનો કુલ પુરવઠો વધે છે.

### 4.8 પુરવઠામાં પરિવર્તન (Change in Supply)

વસ્તુના પુરવઠા પર જે પરિબળોની અસર થાય છે તેમને બે વિભાગોમાં વહેંચવામાં આવે છે : એક કિંમતનું પરિબળ અને બીજું કિંમત સિવાયનાં પરિબળો. કિંમત પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં વિસ્તરણ અને સંકોચન થાય છે. જ્યારે અન્ય પરિબળો પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં વધારો-ઘટાડો થાય છે.

**4.8.1 પુરવઠામાં વિસ્તરણ-સંકોચન :** અન્ય પરિબળો જેવાં કે ઉત્પાદન-સાધનોના ભાવ, ઉત્પાદનના ખર્ચ, ઉત્પાદન-પદ્ધતિ, અન્ય વસ્તુઓના ભાવ, ભવિષ્યના ભાવોની અટકળો, સરકારની નીતિ, પેઢીઓની સંખ્યા સ્થિર રહે છે અને માત્ર જે વસ્તુનો વિચાર કરીએ છીએ તેની કિંમતમાં ફેરફાર થાય છે ત્યારે તે વસ્તુના પુરવઠા પર અસર થાય છે. વસ્તુની કિંમત વધતા પુરવઠામાં જે વૃદ્ધિ થાય છે તેને પુરવઠાના વિસ્તરણ તરીકે ઓળખવામાં આવે છે અને વસ્તુની કિંમત ઘટતા પુરવઠો ઓછો થાય છે તેને પુરવઠાના સંકોચન તરીકે ઓળખવામાં આવે છે.

| સફરજનની (કિગ્રાદીઠ) કિંમત ₹માં | સફરજનનો પુરવઠો (કિગ્રામાં) |
|---|---|
| 50 | 200 |
| 60 | 400 |
| 70 | 600 |
| 80 | 800 |
| 90 | 1000 |




**4.3 પુરવઠામાં વિસ્તરણ અને સંકોચન**


આકૃતિમાં X ધરી પર વસ્તુનો પુરવઠો અને Y ધરી પર વસ્તુની કિંમત દર્શાવવામાં આવી છે. જ્યારે વસ્તુની કિંમત ₹ 70 હતી ત્યારે પેઢી SS પુરવઠારેખાના a બિંદુએ સમતુલામાં હતી અને વસ્તુનો પુરવઠો 600 કિગ્રા હતો. કિંમત ₹ 70 પરથી વધીને ₹ 90 થાય છે ત્યારે પેઢી બિંદુ aને બદલે c બિંદુ પર સમતુલા મેળવીને વસ્તુનો પુરવઠો 600 કિગ્રાથી વધીને 1000 કિગ્રા થાય છે. a બિંદુ પરથી c બિંદુ તરફની ગતિ પુરવઠાનું વિસ્તરણ દર્શાવે છે. પરંતુ a બિંદુ તરફથી b બિંદુ તરફની ગતિ પુરવઠામાં સંકોચન દર્શાવે છે. કારણ કે વસ્તુની કિંમત ₹ 70 પરથી ઘટીને ₹ 50 થાય છે ત્યારે પેઢીનો વસ્તુનો પુરવઠો 600 કિગ્રા પરથી ઘટીને 200 કિગ્રા થાય છે.

**4.8.2 પુરવઠામાં વધારો-ઘટાડો :** કિંમત સિવાયનાં અન્ય પરિબળોમાંથી કોઈ પણ એક અથવા એક કરતાં વધુ પરિબળોમાં ફેરફાર થવાથી વસ્તુના પુરવઠામાં જે પરિવર્તન આવે તેને પુરવઠામાં વધારો કે ઘટાડો કહે છે.

જો ઉત્પાદનનાં સાધનોના ભાવ ઘટે, ઉત્પાદન-ખર્ચ ઘટે, ઉત્પાદન-પદ્ધતિમાં સુધારો થાય, અન્ય વસ્તુના ભાવ ઘટે, સરકારની નીતિ પુરવઠો વધારવાની હોય, પેઢીઓની સંખ્યામાં વધારો થાય તો તેવા સંજોગોમાં વસ્તુની કિંમતમાં ફેરફાર ન થાય છતાં તેના પુરવઠામાં વધારો થતો જોવા મળે છે. આ સંજોગોમાં મૂળ પુરવઠારેખા પોતાના સ્થાનેથી જમણી તરફ સ્થાન બદલે તેને પુરવઠામાં વધારો કહે છે.

આનાથી વિરુદ્ધ જો ઉત્પાદનનાં સાધનોની કિંમત વધે, ઉત્પાદન-ખર્ચ વધે, અન્ય વસ્તુઓના ભાવ વધે, સરકારની નીતિ પુરવઠો ઘટાડવાની દિશામાં હોય તેવી માન્યતા ઉત્પાદકો કે વેપારીઓમાં ફેલાય તો એવા સંજોગોમાં વસ્તુની કિંમતમાં ફેરફાર ન થયો હોય, છતાં પુરવઠામાં ઘટાડો થતો જોવા મળે છે. આ સંજોગોમાં મૂળ પુરવઠારેખા પોતાના સ્થાનથી ડાબી તરફ સ્થાન બદલે છે તેને પુરવઠાનો ઘટાડો કહે છે.

| સફરજનની (કિગ્રાદીઠ) કિંમત ₹માં | સફરજનનો પુરવઠો (કિગ્રામાં) |
|---|---|
| 20 | 100 |
| 20 | 200 |
| 20 | 300 |
| 20 | 400 |
| 20 | 500 |




**4.4 પુરવઠાનો વધારો-ઘટાડો**

આકૃતિમાં X ધરી પર વસ્તુનો પુરવઠો કિગ્રામાં દર્શાવ્યો છે અને Y ધરી પર વસ્તુની કિંમત રૂપિયામાં દર્શાવી છે. ઉત્પાદક કે વેપારીની મૂળ સમતુલા a બિંદુ પર એટલે કે પુરવઠારેખા $S_1S_1$ પર હતી. વસ્તુની કિગ્રાદીઠ કિંમત ₹ 20 હતી ત્યારે ઉત્પાદક કે વેપારી પુરવઠારેખા $S_1S_1$ના a બિંદુએથી વસ્તુના 300 કિગ્રાનો પુરવઠો વેચવા તૈયાર હતો. કિંમત ₹ 20 જ રહે છે.

પુરવઠાને અસર કરતાં અન્ય પરિબળો પુરવઠાની તરફેણમાં થતા વસ્તુનો પુરવઠો 300 કિગ્રા પરથી વધીને 400 કિગ્રાનો થાય છે ત્યારે ઉત્પાદક કે વેપારી પુરવઠારેખા $S_3S_3$ના C બિંદુએ પહોંચે છે. a થી c બિંદુ તરફની ગતિ પુરવઠામાં વધારો સૂચવે છે, પરંતુ પુરવઠાને અસર કરતા અન્ય પરિબળો પુરવઠાની વિરુદ્ધ થતા વસ્તુનો પુરવઠો 300 કિગ્રા પરથી ઘટીને 200 કિગ્રાનો થાય છે ત્યારે ઉત્પાદક કે વેપારી પુરવઠારેખા $S_2S_2$ના b બિંદુએ પહોંચે છે. a થી b તરફની ગતિ પુરવઠામાં ઘટાડો સૂચવે છે.

## 4.9 પુરવઠાના નિયમના અપવાદો (Exceptions to the Law of Supply)

હવે આપણે એ જોઈએ કે, માંગના નિયમની જેમ પુરવઠાના નિયમના કોઈ અપવાદો છે ખરા ? હકીકતમાં પુરવઠાના નિયમના અપવાદ તરીકે જેને ઓળખવામાં આવે છે તેમાંના ઘણા વિવાદાસ્પદ છે અને અર્થશાસ્ત્રીઓમાં એ વિશે ઘણા મત-મતાંતરો છે.

પુરવઠાના નિયમમાં જણાવ્યા મુજબ કિંમત અને પુરવઠાના ધન સંબંધને બદલે એ બંનેની વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે. એટલે કે વસ્તુની કિંમત વધે છતાં પુરવઠો ઘટે છે અને કિંમત ઘટે છતા પુરવઠો વધે છે આવું બને ત્યારે તેને પુરવઠાના નિયમના અપવાદ તરીકે ઓળખવામાં આવે છે.

**4.9.1 અલભ્ય વસ્તુઓ :** કેટલીક વસ્તુઓની કિંમતમાં ગમે તેટલો ફેરફાર થાય છતાં તેના પુરવઠામાં કોઈ ફેરફાર થતો નથી કારણ કે એવી વસ્તુઓ અપ્રાપ્ય કે દુર્લભ હોય છે. દા.ત., પ્રાચીન કાળના સિક્કાઓ, કલાકૃતિઓ, પ્રાચીન પુસ્તકની મૂળ હસ્તપ્રત, પ્રાચીન મૂર્તિઓ વગેરેની કિંમત વધવા છતાં, આવી વસ્તુના પુરવઠામાં વધારો કરવો શક્ય નથી. વાસ્તવિક રીતે જોઈએ તો અલભ્ય વસ્તુનું નવું ઉત્પાદન શક્ય નથી. આથી પુરવઠો વધારી શકાતો નથી જેથી તે પુરવઠાના નિયમનો અપવાદ બનતો નથી.

**4.9.2 નાશવંત વસ્તુઓ :** દા.ત., દૂધ અને દૂધની બનાવટો, લીલા શાકભાજી, માંસ, ઈંડાં, માંછલી, પાકાં ફળ, ફૂલ વગેરે નાશવંત વસ્તુઓ છે. આવી વસ્તુઓના ભાવ ઘટી જાય તોપણ એ વસ્તુઓનો પુરવઠો ઘટતો નથી, કારણ કે આવી વસ્તુઓનો સંગ્રહ અશક્ય છે. વસ્તુઓના ભાવ વધે કે ઘટે તોપણ પુરવઠામાં વધુ ફેરફાર થતો નથી.

## 4.10 બજારમાં વસ્તુની કિંમતનું નિર્ધારણ (Price Determination in the Market)

કિંમત-નિર્ધારણ એટલે બજારમાં માંગ થતી અને વેચાતી વસ્તુ કે સેવાની કિંમતો કેવી રીતે નક્કી થતી હશે તેની સમજૂતી. ચીજવસ્તુ કે સેવાની કિંમત માંગ અને પુરવઠાનાં પરિબળો દ્વારા નક્કી થાય છે તેને કિંમત-નિર્ધારણની પ્રક્રિયા કહે છે. પૂર્ણ હરીફાઈની સ્થિતિને ધ્યાનમાં રાખી કિંમત-નિર્ધારણની પ્રક્રિયા સમજીએ.


વસ્તુની માંગ, પુરવઠો અને તેની આંતરક્રિયા કેવી રીતે વસ્તુની કિંમત નક્કી કરે છે તે આકૃતિની મદદથી સમજી શકાય. દરેક અર્થતંત્રમાં અછતની સમસ્યા હોય છે. વસ્તુઓના ઉત્પાદનમાં વપરાતાં સાધનોની અછત હોવાથી અને તે વૈકલ્પિક ઉપયોગો ધરાવતા હોવાથી પસંદગી કરવી પડે છે. આ સાધનોની ફાળવણી કેવી રીતે કરવી ? આ સમસ્યાઓનો ઉકેલ બજારમાં પ્રવર્તતી કિંમત દ્વારા આવે છે.

બજારમાં આપણને એમ લાગે કે કિંમત ઉત્પાદકો દ્વારા નક્કી થતી હોય છે, પરંતુ પેઢીઓ ઇચ્છે તે કિંમત નક્કી કરી શકતી નથી કારણ કે, તેમણે નક્કી કરેલી કિંમતે તેઓ ઇચ્છે તેટલું વેચાણ કરી શકતી નથી. પ્રવર્તમાન કિંમતે વસ્તુ કેટલા જથ્થામાં ખરીદવી તે ગ્રાહકો તેમની માંગ દ્વારા નક્કી કરે છે. આમ, માંગ અને પુરવઠો સંયુક્તપણે વસ્તુની કિંમત નક્કી કરે છે. માર્શલે કાતરનાં બે પાનાનાં દષ્ટાંત દ્વારા આ વાત સમજાવી છે. કાતરનું ઉપલું કે નીચલું પાનું સ્વતંત્ર રીતે કાપવાનું કાર્ય કરતું નથી. એવું બને કે ઉપલું પાનું કાપવાનું કાર્ય કરે ત્યારે નીચલું પાનું સ્થિર રહે અથવા અલ્પ સક્રિય બને. તેના પરથી એમ ન કહેવાય કે નીચલું પાનું જરૂરી નથી. જે રીતે કાપવાની ક્રિયા માટે કાતરનાં બંને પાનાં જરૂરી છે, તેમ કિંમત-નિર્ધારણ માટે માંગ અને પુરવઠો બંને અનિવાર્ય છે.

અમુક કિંમતે બજારમાં વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો સરખા થાય ત્યારે સમતુલા છે તેમ કહેવાય. આ સમતુલા અમુક સમયે અમુક સંજોગોમાં પ્રાપ્ત થાય છે. સમય-સંજોગો બદલાતા તેમાં વિક્ષેપ પડે છે અને આંતરક્રિયાને અંતે સમય જતા પુનઃ સમતુલા સ્થપાય છે. આમ, સમતુલા એ એવી સ્થિતિ છે, જેમાં આપેલા સમયગાળા દરમિયાન ફેરફાર થવાનું વલણ હોતું નથી.

**માંગ, પુરવઠાની કાલ્પનિક અનુસૂચિ**

| વસ્તુની કિંમત (₹માં) | વસ્તુની માંગ (કિગ્રામાં) | વસ્તુનો પુરવઠો (કિગ્રામાં) |
|---|---|---|
| 10 | 1000 | 200 |
| 20 | 800 | 400 |
| 30 | 600 | 600 |
| 40 | 400 | 800 |
| 50 | 200 | 1000 |




**4.5 કિંમત-નિર્ધારણની આકૃતિ**

આકૃતિમાં DD વસ્તુની માંગરેખા છે અને SS વસ્તુની પુરવઠારેખા છે, બંને એકબીજાને E બિંદુએ છેદે છે. તેથી EQ કિંમત એટલે કે ₹ 30 નક્કી થાય છે. આ કિંમતે વસ્તુની માંગ અને પુરવઠો OQ જેટલા એટલે કે 600 કિગ્રાએ સરખા થાય છે અને સમતુલા સ્થપાય છે. EQ કિંમત સમતુલાની કિંમત કહેવાય છે.

હવે કિંમત ₹ 30 (EQ) કરતા વધે એટલે કે ₹ 40 થાય છે, તો આકૃતિમાં દર્શાવ્યા મુજબ વસ્તુની માંગ 600 કિગ્રાથી ઘટીને 400 કિગ્રા થાય છે અને પુરવઠો વધે છે. માંગ અને પુરવઠા વચ્ચે ac જેટલું અંતર સર્જાય છે. માંગ કરતા પુરવઠો વધી જાય છે. પરિણામ કિંમત નીચી જવાનું વલણ ધારણ કરે છે.

તેવી જ રીતે કિંમત ₹ 30 (EQ) કરતા ઘટે એટલે કે ₹ 20 થાય છે, તો વસ્તુની માંગ 600 કિગ્રાથી વધીને 800 કિગ્રા થાય છે અને પુરવઠો ઘટે છે. માંગ અને પુરવઠો વચ્ચે bd જેટલું અંતર સર્જાય છે. પુરવઠા કરતાં માંગ વધી જાય છે. પરિણામે કિંમત ઊંચી જવાનું વલણ ધારણ કરે છે. આમ, જે કિંમતે વસ્તુ માટેની માંગ અને વસ્તુનો પુરવઠો સરખા થાય તે સમતુલાની કિંમત બને છે. માંગ કે પુરવઠામાં જ્યાં સુધી ફેરફાર ન થાય ત્યાં સુધી એ કિંમત ટકી રહે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) કિંમતના ઘટાડાને કારણે પુરવઠામાં થતા ફેરફારને શું કહેવાય ?

(A) વધારો (B) વિસ્તરણ (C) સંકોચન (D) ઘટાડો

(2) કિંમત સિવાયનાં પરિબળો પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં થતા પરિવર્તનને શું કહેવાય ?

(A) વધારો (B) સંકોચન (C) સંકોચન-વિસ્તરણ (D) વધારો-ઘટાડો

(3) વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે કેવો સંબંધ છે ?

(A) સીધો (B) વિરોધી (C) સમાન (D) શૂન્ય

(4) શું ઘટે તો નફાનું પ્રમાણ ઘટવાથી પુરવઠો ઘટાડવામાં આવે ?

(A) જથ્થો (B) પુરવઠો (C) કિંમત (D) મૂલ્ય-સાપેક્ષતા

(5) જથ્થો કુલ પૂરવઠા કરતાં.....

(A) વધુ હોઈ શકે. (B) ઓછો હોઈ શકે. (C) વધુ ન હોય. (D) નહિવત્ હોય.

(6) ભવિષ્યમાં ભાવો વધવાની અટકળો હોય તો, પેઢી વર્તમાન પૂરવઠો.....

(A) વધારે છે. (B) ઘટાડે છે. (C) સ્થિર રાખે છે. (D) શૂન્ય રાખે છે.

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) જથ્થો એટલે શું ?

(2) પુરવઠાનો ખ્યાલ કઈ બે બાબતોના સંદર્ભમાં રજૂ કરવામાં આવે છે ?

(3) પુરવઠાની વ્યાખ્યા આપો.

(4) પુરવઠાની અનુસૂચિ એટલે શું ?

(5) પુરવઠા-રેખાનો ઢાળ કેવો હોય છે ?

(6) અલભ્ય વસ્તુઓને પુરવઠાનો નિયમ શા માટે લાગુ પડતો નથી ?

(7) પુરવઠાનો નિયમ કયા પ્રકારની વસ્તુઓ માટે અપવાદ છે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) તફાવત સમજાવો : જથ્થો અને પુરવઠો

(2) વ્યક્તિગત પુરવઠો અને બજાર-પુરવઠાનો અર્થ સમજાવો.

(3) શા માટે પુરવઠો ઉત્પાદન કરતાં વધારે હોઈ શકે, પણ કુલ જથ્થા કરતા વધારે હોઈ શકે નહિ ?

(4) પુરવઠારેખાનો ઢાળ ધન હોય છે, કારણો આપી સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) ટૂંક નોંધ લખો : પુરવઠા વિધેય

(2) પુરવઠાના નિયમના અપવાદો જણાવો.

(3) પુરવઠામાં વિસ્તરણ-સંકોચન આકૃતિ સહિત સમજાવો.

(4) પુરવઠામાં વધારો-ઘટાડો આકૃતિ દ્વારા સમજાવો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) પુરવઠાને અસર કરતાં પરિબળોની વિગતે ચર્ચા કરો.

(2) પુરવઠાના નિયમની વિગતવાર અનુસૂચિની આકૃતિ સહિત સમજૂતી આપો.

(3) બજારમાં કિંમત-નિર્ધારણની પ્રક્રિયા આકૃતિ સહિત સમજાવો.

## પારિભાષિક શબ્દો

| | | |
|---|---|---|
| **ઉત્પાદન (Production)** | : | ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુઓ ઉત્પન્ન થાય તેને ઉત્પાદન કહેવાય. |
| **પુરવઠો (Supply)** | : | ચોક્કસ સમયે અને નિશ્ચિત કિંમતે ઉત્પાદક ઉત્પાદનનો જે ભાગ વેચવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી દર્શાવે તેને પુરવઠો કહે છે. |
| **જથ્થો (Stock)** | : | જથ્થો એટલે વસ્તુના કુલ વેચાણક્ષમ એકમોનું પ્રમાણ. |
| **પુરવઠાની અનુસૂચિ (Supply Schedule)** | : | કોઈ ઉત્પાદક કે વેપારી કોઈ એક સમયે વસ્તુની જુદી-જુદી કિંમતે વસ્તુનો કેટલો જથ્થો વેચવાની તૈયારી દર્શાવે છે તે દર્શાવાતી યાદી |
| **પુરવઠારેખા (Supply Curve)** | : | કિંમત અને પુરવઠા વચ્ચેનો સંબંધ દર્શાવતી રેખાને પુરવઠારેખા કહે છે. |
| **પુરવઠામાં વિસ્તરણ (Expansion of Supply)** | : | વસ્તુની કિંમત વધતાં પુરવઠામાં જે વૃદ્ધિ થાય છે તેને પુરવઠામાં વિસ્તરણ કહે છે. |
| **પુરવઠામાં સંકોચન (Contraction of Supply)** | : | વસ્તુની કિંમત ઘટતાં પુરવઠો ઓછો થાય છે તેને પુરવઠામાં સંકોચન કહે છે. |
| **પુરવઠામાં વધારો (Increase in Supply)** | : | ઉત્પાદન-ખર્ચ ઘટે, સરકારની હકારાત્મક નીતિ વગેરેને કારણે પુરવઠો વધે તેને પુરવઠામાં વધારો કહે છે. |
| **પુરવઠામાં ઘટાડો (Decrease in Supply)** | : | ઉત્પાદન-ખર્ચ વધે, સરકારની નકારાત્મક નીતિ વગેરેને કારણે પુરવઠો ઘટે તેને પુરવઠામાં ઘટાડો કહે છે. |
| **વ્યક્તિગત પુરવઠો (Individual Supply)** | : | કોઈ એક ઉત્પાદક કે પેઢી દ્વારા બજારમાં કોઈ ચીજવસ્તુનું જુદી-જુદી કિંમતે જે ઉત્પાદન વેચવા માટે મૂકવામાં આવે તેને વ્યક્તિગત પુરવઠો કહે છે. |
| **બજાર-પુરવઠો (Market Supply)** | : | કોઈ ચોક્કસ કિંમતે ઉત્પાદકો દ્વારા વસ્તુનો જેટલો પુરવઠો બજારમાં મૂકવામાં આવે છે તેના કુલ સરવાળાને બજાર-પુરવઠો કહે છે. |
| **પુરવઠા વિધેય (Supply Function)** | : | પુરવઠા વિધેય એટલે 'કોઈ એક વસ્તુ માટેના પુરવઠા ઉપર અસર કરતાં પરિબળોની ગાણિતિક સ્વરૂપમાં રજૂઆત' બીજા શબ્દોમાં કહીએ તો પુરવઠા વિધેય એ કોઈ એક વસ્તુનો પુરવઠો અને તેને અસર કરતાં વિવિધ પરિબળો વચ્ચેનો સંબંધ દર્શાવે છે. |
| **સમતોલ કિંમત (Equilibrium Price)** | : | માંગ અને પુરવઠા દ્વારા ચીજવસ્તુ અને સેવાની જે કિંમત નક્કી થાય તેને સમતોલ કિંમત કહે છે. |

•